પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૩-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જો વાતચીત નિષ્ફળ રહેશે તો ત્રીજું વિશ્વયુદ્ધ થશે, શસ્ત્રો નહીં મૂકીએ : રાષ્ટ્રપતિ ઝેલેન્સકી

કીવ,

રશિયા-યુક્રેન યુદ્ધનો આજે ૨૬મો દિવસ છે. જણાવી દઈએ કે રશિયન સેનાએ સોમવારે યુક્રેનના સૈન્ય ઠેકાણાઓને હાઈપરસોનિક અને ક્રુઝ મિસાઈલથી નિશાન બનાવ્યા હતા. સતત વિનાશ છતાં, યુક્રેન પીછેહઠ કરવા તૈયાર નથી. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ શસ્ત્રો નહીં મૂકે. તેમણે એમ પણ કહ્યું કે અમે પુતિન સાથે વાતચીત માટે તૈયાર છીએ.

નોંધનીય છે કે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ભલે મંત્રણા માટે સંમત થયા હોય, પરંતુ તેમણે એમ પણ કહ્યું કે જો આ મંત્રણા નિષ્ફળ જશે તો ત્રીજું વિશ્વ યુદ્ધ થઈ શકે છે. આ બધાની વચ્ચે અમેરિકાએ ફરી એકવાર યુક્રેનના શરણાર્થીઓ માટે પોતાની તિજોરી ખોલી દીધી છે. અમેરિકા મોલ્ડોવાને ૩૦ મિલિયન ડોલરની સહાય આપવા જઈ રહ્યું છે.

ઝેલેન્સ્કીએ કહ્યું કે, હું સમજું છું કે વાતચીત કર્યા વગર અમે આ



યુદ્ધને અટકાવી શકતા નથી. હું તેમની (પુતિનને) સાથે વાતચીત કરવા માટે તૈયાર છીએ.

ઉલ્લેખનીય છે કે, ઝેલેન્સ્કીનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે કે જ્યારે રશિયાએ યુક્રેનના મુખ્ય શહેરો પર હુમલાઓ તેજ કરી દીધા છે. યુક્રેને રશિયા પર યુદ્ધ અપરાધનો આરોપ લગાવ્યો છે, જેમાં અનેક બાળકો અને મહિલાઓના મોત થઈ ચૂક્યા છે.

ઝેલેન્સ્કીએ વધુમાં કહ્યું કે, જો આ યુદ્ધને રોકવાના એક ટકા પણ ચાન્સ છે તો હું સમજું છું કે આપણે આ પગલું ઉઠાવવાની હિંમત કરવી જોઈએ. જણાવી દઈએ કે, ઝેલેન્સ્કીએ આ અગાઉ પણ ચેતવણી આપી ચૂક્યા છે કે, યુક્રેનની વચ્ચે સંઘર્ષ આ પ્રકારે વધતો રહ્યો તો સમગ્ર દુનિયા તેની ચપેટમાં આવી શકે છે અને આ લડાઈ એક વૈશ્વિક સંઘર્ષનું રૂપ લઈ શકે છે.

બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ રવિવારે ઈઝરાયેલને રશિયા સામે કડક વલણ અપનાવવા વિનંતી કરી હતી અને રશિયાના દેશ પરના આક્રમણની તુલના નાઝી જર્મનીની કાર્યવાહી સાથે કરી હતી. ઈઝરાયેલના ધારાશાસ્ત્રીઓને સંબોધતા, ઝેલેન્સકીએ કહ્યું કે તે ઈઝરાયેલ માટે સમય છે, જે યુક્રેન અને રશિયા વચ્ચે મુખ્ય વાટાઘાટકાર તરીકે ઉભરી આવ્યું છે, તે નક્કી કરે કે તે કોની સાથે છે.

તેમણે કહ્યું કે ઈઝરાયલે રશિયા પર પ્રતિબંધો લાદીને અને યુક્રેનને શસ્ત્રોની સપ્લાય કરીને તેના સાથી પશ્ચિમી દેશોનું પાલન કરવું જોઈએ. ઝેલેન્સકીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર યુક્રેન સામે "અંતિમ ઉકેલ" પર કામ કરવાનો આરોપ લગાવ્યો. ફાઈનલ સોલ્યુશન શબ્દનો ઉપયોગ નાઝી જર્મની દ્વારા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૬૦ લાખ યહૂદીઓના આયોજિત નરસંહાર માટે કરવામાં આવ્યો હતો. યહુદી ધર્મ સાથે જોડાયેલા ઝેલેન્સકીએ એમ પણ કહ્યું હતું કે રશિયન મિસાઈલે બાબી યાર પર પણ હુમલો કર્યો છે. બાબી યાર એ ૧૯૪૧ના નરસંહારમાં જીવ ગુમાવનારા યહૂદીઓની યાદમાં બનેલું સ્મારક છે, જે યુક્રેનમાં આવેલું છે.

## પાટીદારોને રાહત : આંદોલન સમયના ૧૦ કેસ પાછા ખેંચાયા

ગાંધીનગર,

રાજ્યમાં વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પાટીદાર નેતા અને આગેવાનો દ્વારા પાટીદાર આંદોલન સમયે કરવામાં આવેલા કેસ પરત ખેંચવા અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે આ મામલે રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે અને સરકાર દ્વારા પાટીદરા આંદોલન સમયે તોફાનોના કેસ પાછા ખેંચવાની શરૂઆત કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા અત્યાર સુધીમાં અમદાવાદ કોર્ટમાંથી ૧૦ કેસ પરત ખેંચવામાં આવ્યા છે. જ્યારે અન્ય ત્રણ કેસ માટે ૧૫ એપ્રિલે સુનાવણી હાથ ધરવામાં આવશે.

અમદાવાદના ટોટલ ૧૦ કેસ પાછા ખેંચવામાં આવ્યા છે. જે તે સમયે કૃષ્ણનગર, રામોલ, બાપુનગર, નરોડા



અને અન્ય જગ્યાઓ પર કેસ કરવામાં આવ્યા હતા. તેમાંથી અગાઉ પણ ત્રણ કેસ પાછા ખેંચવામાં આવ્યા હતા. જે મેટ્રો કોર્ટમાં હતા અને આજે વધુ સાત કેસ પાછા ખેંચવામાં આવ્યા છે. આ સાથે કુલ ૧૦ કેસ પાછા ખેંચવામાં આવ્યા છે અને અન્ય ત્રણ કેસ છે જેનો ૧૫ એપ્રિલે ચુકાદો આવશે. જેની વિડ્રો અરજી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

હાર્દિક પટેલ સામે પણ જે અન્ય કેસ છે જેમાં રાજદ્રોહના કેસમાં પણ તેનું નામ રહ્યું છે. આ ઉપરાંત અન્ય બે કેસ છે જેની અરજી પેન્ડિંગ પડી છે. પંરતુ હાર્દિક પટેલ સામે રાજદ્રોહનો ગુનો છે અને તેના પાછા ખેંચવાની વાતચીત ચાલી રહી છે. અગાઉ પાટિદાર દ્વારા કેસ પાછા ખેંચવાની માંગણી કરવામાં આવી હતી. જેને લઈને સરકારે આ નિર્ણય લીધો છે અને અમલમાં પણ મુક્યો છે. અત્યાર સુધી અમદાવાદ કોર્ટના ૧૦ કેસ પાછા ખેંચવામાં આવ્યા છે. જેમાં સાત સેસન્સ કોર્ટના હતા અને ૩ મેટ્રો કોર્ટના હતા.


સરકારની જાહેરાત અંગે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, સરકારે જે જાહેરાત કરી છે તેની હું ઉપેક્ષા નથી કરતો. સરકારે જે જાહેરાત કરી છે એ પ્રકારે તેનું આયોજન કર્યું હશે, તેનું હું સ્વાગત કરું છું. પરંતુ સવાલ એટલો છે કે, આજે જે ૧૦ કેસની જાહેરાત કરી છે એમાંથી ઘણા કેસો એવા છે કે જે આંનદીબેન પટેલના સમયમાં થઈ હતી. જેની પ્રોસેસિંગ કોર્ટમાં હેવ થઈ રહી છે. જૂના કેસની પ્રોસેસિંગ થઈ રહી છે એના માટે પણ અમે સરકારનો આભાર માનીએ છીએ.

## વિમાનમાં ૧૩૨ મુસાફર હતા : પહાડોની વચ્ચે ક્રેશ થયું, તમામ મુસાફરોનાં મોતની આશંકા

બીજીંગ,

ચીનમાં ૧૩૨ મુસાફરને લઈને જતું ચાઈના ઈસ્ટર્ન પેસેન્જર જેટ ગ્વાંગસીમાં ક્રેશ થયું છે. વિમાનમા ૧૨૩ મુસાફરો અને ૯ ક્રુ સભ્યો હતા.જે પહાડોની વચ્ચે આ વિમાન ક્રેશ થયું હતું ત્યાંની કેટલીક તસવીરો સામે આવી છે. એ ટેકરીમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. આ અકસ્માતમાં માર્યા ગયેલા મુસાફરોની સંખ્યા હજુ સુધી જાણી શકાય નથી. રિપોર્ટ મુજબ વિમાન ૨ મિનીટથી પણ ઓછા સમયમાં ૩૦ હજાર ફુટ નીચે પડી ગયું હતું.તમામ મુસાફરોનાં મોતની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

ચીનનું બોઈંગ ૭૩૭ એરક્રાફ્ટ ક્રેશ થયું છે. અહેવાલો અનુસાર, મુસાફરોને લઈ જતું વિમાન બોઈંગ ૭૩૭ મોડલનું છે. આ મોડલના વિમાન પહેલાં પણ અનેકવાર અકસ્માતનો ભોગ બન્યાં છે. ઉડાન ભર્યાના ૭૧ મિનિટ બાદ આ



વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. લેન્ડિંગની ૪૩ મિનિટ પહેલા વિમાનનો એટીસી સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. બોઈંગ ૭૩૭ વિમાન મુસાફરોને લઈ જતું હતું. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા પ્રમાણે, ચીનનું બોઈંગ ૭૩૭ એરક્રાફ્ટ કુમિંગથી ગંગઝોઉ તરફ જતું હતું. ગંગઝોઉ વિસ્તારમાં જ આ દુર્ઘટના ઘટી છે. એરક્રાફ્ટ ક્રેશ થયા પછી પહાડોની વચ્ચે આગ લાગી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટનાને કારણે પહાડ પર આગ લાગી હતી. આ માહિતી મળતા જ અધિકારીઓએ ઘટનાસ્થળે બચાવ ટીમ મોકલી હતી આ ટીમે રાહતકાર્ય ઝડપથી શરૂ કર્યું હતું પરંતુ હજુ સુધી અકસ્માતનું કારણ બહાર આવ્યું નથી. વિમાન દુર્ઘટનાનું કારણ જાણવા માટે બ્લેક બોક્સને પ્રાપ્ત કરવું જરૂરી છે, જેની ઝડપથી શોધ કરવામાં આવી રહી છે.

ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સ અનુસાર, વિમાને કુનમિંગ ચાંગશુઈ એરપોર્ટથી બપોરે ૧.૧૫ કલાકે ઉડાન ભરી હતી. આ ફ્લાઈટ ગુઆંગઝોઉમાં ૩ વાગ્યે પહોંચવાની હતી. અકસ્માતનો ભોગ બનેલી બોઈંગ સાડાછ વર્ષથી એરલાઈનમાં કાર્યરત હતી. આ અકસ્માત અંગે ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સ તરફથી કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી.પહાડીઓ સાથે અથડાયા બાદ વિમાનનો કેટલોક ભાગ અલગ પડી ગયો હતો, જેનો વીડિયો સ્થાનિક લોકોએ બનાવ્યો હતો.

એ યાદ રહે કે વર્ષ ૨૦૨૧માં વિશ્વભરની એરલાઈન્સમાં ૧૫ જીવલેણ અકસ્માતો થયા હતા, જેમાં કુલ ૧૩૪ લોકોનાં મોત થયાં છે. ૧૨ મહિનામાં સૌથી મોટો અકસ્માત શ્રીવિજય એર બોઈંગ ૭૩૭-૫૦૦નો હતો, જે ઈન્ડોનેશિયામાં ક્રેશ થયું હતું. ૯ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ થયેલા અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ ૬૧ લોકોનાં મોત થયાં હતાં.

## પુણે, થાણે સહિત ૨૩ સ્થળોએ આવકવેરા વિભાગના દરોડા, ૨૨૪ કરોડની બેનામી સંપત્તિ જપ્ત

મુંબઈ,

આવકવેરા વિભાગે મહારાષ્ટ્રના પુણે અને થાણે સહિત ૨૩ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ દરોડામાં ૨૨૪ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આ દરોડા પાંચ રાજ્યોમાં ૨૩ થી વધુ સ્થળો પર પડ્યા છે. આવકવેરા વિભાગે મહારાષ્ટ્રના પુણે અને થાણેમાં યુનિકોર્ન સ્ટાર્ટ અપ ગ્રુપ પર દરોડા પાડ્યા હતા. આ પછી, આવકવેરા વિભાગે લગભગ ૨૨૪ કરોડની બેનામી સંપત્તિ શોધી કાઢી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી હતી. ૯ માર્ચે મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં ૨૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ વાત ત્યારે સામે આવી જ્યારે ટેક્સ બોર્ડે રવિવારે આ અંગે નોટિસ જાહેર કરી હતી.

મરાઠી ન્યૂઝ વેબસાઈટ લોકસત્તા તરફથી મળેલી માહિતી અનુસાર, આ સ્ટાર્ટ-અપ કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન સંબંધિત બિઝનેસ સાથે જોડાયેલી છે. આ કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૬ હજાર કરોડથી વધુ છે. આ કંપનીનો બિઝનેસ સમગ્ર ભારતમાં ફેલાયેલો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર અત્યાર સુધીમાં એક કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ અને ૨૨ લાખ રૂપિયાની જ્વેલરી જપ્ત કરવામાં આવી છે.

આ કંપની બોગસ ટ્રેડિંગ પ્રવૃતિઓમાં સંડોવાયેલી હોવાનું જાણવા મળ્યું છે. આ કંપની વિશે જાણવા મળ્યું છે કે તેણે મોટી માત્રામાં બિનહિસાબી રોકડ ખર્ચ કરીને મિલકતો ખરીદી છે. આ પ્રોપર્ટીની કિંમત ૪૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. તેમની સામેના પુરાવાઓને સામે રાખીને ગ્રુપના ડાયરેક્ટરોની સામે તેમની પૂછપરછ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો છે કે તેની પાસે ૨૨૪ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે.

આ ઉપરાંત, ગ્રુપના ડીરેક્ટર્સને દંડ સાથે બાકી વેરો ચૂકવવાની ઓફર કરી છે. પૂછપરછમાં એ પણ જાણવા મળ્યું છે કે યુનિકોર્ન ગ્રૂપે તેના સ્ટાર્ટ અપ પ્રોજેક્ટ્સમાં ઘણાં બહારના નાણાંનું રોકાણ કર્યું છે. આ જૂથ મોરેશિયસમાં ખૂબ ઊંચા પ્રીમિયમ પર શેર આપીને પૈસા એકઠા કરતું હતું. દરોડા બાદ પૂછપરછમાં ગ્રુપ ડાયરેક્ટરોએ આ બાબતોની કબૂલાત કરી છે.

## GST : ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને ૧૫ ટકા કરાશે

નવીદિલ્હી,

છેલ્લા કેટલાક સમયથી જીએસટીના ટેક્સ સ્ટ્રક્ચરમાં ફેરફાર કરવા અંગે હિલચાલ ચાલી રહી છે. આ જ યોજનાના ભાગરૂપે હવે બે ટેક્સ દરને એક જ ટેક્સ દરમાં મર્જ કરવા અંગે વિચારણા ચાલી રહી છે.

અહેવાલ અનુસાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સ્ટ્રક્ચરમાં ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને ૧૫ ટકા કરવામાં આવી શકે છે. રાજ્યોના વિત્તમંત્રીઓની એક પેનલ દ્વારા GST માળખામાં ફેરફારની દરખાસ્ત મુકવામાં આવી શકે છે.

આ મુદ્દે વિચારણા કરવા માટે આ અઠવાડિયે મંત્રીઓના સમૂહની બેઠક મળવાની સંભાવના છે જે ૧૫ ટકાના જીએસટી સ્લેબ અંગે નિર્ણય લઈ શકે છે. આ સિવાય તેઓ થ્રેશોલ્ડ રેટને ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવાના પ્રસ્તાવ અંગે પણ વિચારવિમર્શ કરી શકે છે.મંત્રીઓના સમૂહના આ સપ્તાહની બેઠકના નિર્ણય અંગે અંતિમ ફેરફાર કરવા માટે GST કાઉન્સિલની સમીક્ષા બેઠક આગામી મહિનાની શરૂઆતમાં મળશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

૨૦૧૭માં લાગુ કરવામાં આવેલ દેશના સૌથી મોટા ટેક્સ રીફોર્મ




જીએસટીમાં હાલ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા દરો ધરાવતું ચાર-સ્તરનું માળખું છે. કાર, કિંમતી ધાતુઓ સહિતની અનેક લક્ઝરી ચીજવસ્તુઓ પર ૨૮% સિવાય ઉપરના વિશેષ દરો પણ વસૂલવામાં આવે છે. ૨૦૧૭માં રેવન્યુ ન્યુટ્રલ દર ૧૫.૫% હતો.જો જીએસટી થ્રેશોલ્ડ રેટ ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવામાં આવે તો તેનાથી લગભગ રૂ. ૧.૫ લાખ કરોડની વધારાની વાર્ષિક આવક થઈ શકે છે. જોકે ફુગાવાના કારણે મોટાભાગના મંત્રીઓના સમૂહના સભ્યોએ અભિપ્રાય આપ્યો હતો કે GST દરોમાં ફેરફાર કરવાનો વર્તમાન સમય કદાચ યોગ્ય નથી. સમૂહના કેટલાક સભ્યો ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને સામાન્ય ૧૫ ટકાના દરમાં મર્જ કરવાની તરફેણમાં છે અને સાથે-સાથે તેઓ સિન ગુડ્સ પર પણ સેસ વધારવા પર ભાર મુકી રહ્યાં છે.

## કોંગ્રેસ રાજસ્થાન વિધાનસભા ચુંટણીની તૈયારીઓમાં લાગી

જોધપુર,

કોંગ્રેસ આગામી વિધાનસભા ચુંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે.જોધપુર મુખ્યમંત્રી અશોક ગહલોતનો ગૃહ જીલ્લો છે અને જોધપુર જીલ્લામાંથી કોંગ્રેસ




પાર્ટી હંમેશા આગળ રહે છે.જોધપુરમાં કોંગ્રેસના સભ્ય પદ ગ્રહણ અભિયાનની સમીક્ષા બોલાવવામાં આવી હતી બેઠકમાં રાજસ્થાન ક્રિકેટ એસોસીએશન(આરસીએ)ના અધ્યક્ષ વૈભવ ગહલોત સહિત અનેક નેતા સામેલ થયા હતાં અને બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે સભ્ય પદ ગ્રહણ અભિયાનને ડિઝીટલ અને ડાયરી હેઠળ કરવામાં આવે કાર્યકર્તા અને નેતા સીધા સામાન્ય જનતાના સંપર્કમાં રહેશે અને મુખ્યમંત્રી અશોક ગહલોતની તમામ યોજના અને વિકાસ કાર્યોની બાબતમાં જનતાને બતાવવામાં આવશે

વૈભવ ગહલોતે કહ્યું કે કોંગ્રેસ ચુંટણીના સમયે કયારેય પણ રણનીતિ બનાવતી નથી અમે શરૂઆતથી જ જનતાથી જોડાયેલા રહીએ છીએ અને પાંચ વર્ષ સુધી જનતાની સાથે જનતાના કામ કરીએ છીએ તેનું પરિણામ છે કે રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે તેમણે કહ્યું કે ધારાસભ્ય પાર્ટી પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને અલગ અલગ લક્ષ્યાંક આપવામાં આવ્યા છે લક્ષ્યાંક અનુસાર ૩૧ માર્ચ સુધી સભ્યપદ ગ્રહણ અભિયાનને તેજીથી ચલાવવામાં આવશે અને વધુમાં વધુ લોકોને જોડવાની તૈયારી છે.

## કોરોના વળતર માટે નકલી સર્ટિફિકેટ જારી કરનારા ભ્રષ્ટ ડોક્ટર્સની ઓળખ થશે

નવીદિલ્હી,

સમગ્ર દેશમાં કોવિડ સંક્રમણથી જીવ ગુમાવનાર પરિજન અને આશ્રિતોને ૫૦ હજાર રૂપિયા વળતર માટે નકલી સર્ટિફિકેટ જારી કરનારા ભ્રષ્ટ ડોક્ટર્સની ઓળખ કરીને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને સોગંદનામા દ્વારા જણાવ્યુ કે આ નકલીવાડાની તપાસ કરાવવામાં આવશે. સરકારે આ તપાસ માટે કોર્ટની પરવાનગી માગી છે.

છેલ્લી સુનાવણી દરમિયાન જ્યારે સુપ્રીમ કોર્ટની સમક્ષ સરકાર તરફથી આનો ખુલાસો કરવામાં આવ્યો તો કોર્ટે આની પર કડક નારાજગી વ્યક્ત કરી. આ બાબત સરકારે પોતાની તરફથી તપાસ કરી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ બી વી નાગરત્નાની બેન્ચે આ મામલે સુનાવણી કરશે. છેલ્લી સુનાવણી દરમિયાન સૌથી પહેલા સાત માર્ચ અને પછી ૧૪ માર્ચે નારાજ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ષડયંત્રની તપાસ માટે તે સીએજીને પણ આદેશ આપી શકે છે. જોકે કોર્ટે ગયા મંગળવાર સુધી જ આ બાબત જાણકારી આપવાનુ કહ્યુ હતુ, પરંતુ સરકારે સુનાવણીથી બે દિવસ પહેલા શનિવાર સાંજે અરજી દાખલ કરી છે.

બે જનહિત અરજીઓ વકીલ ગૌરવ કુમાર બંસલ અને રીપક કંસલે ગયા વર્ષે દાખલ કરીને કોવિડ સંક્રમણના કારણે મૃતકના પરિજનોને ચાર લાખ રૂપિયા વળતર આપવાની અરજી કરી હતી. પહેલા તો સરકારે ફંડની અછત અને અન્ય કેટલીક તકનીકી મજબૂરીઓ જણાવતા આનાકાની કરી હતી પરંતુ કોર્ટના આકરા વલણથી સરકારે ૫૦,૦૦૦ રૂપિયા સહાયતા રાશિ આપવાનુ કહ્યુ. આની પર પણ કેટલાક રાજ્યોમાં કોવિડથી થયેલા મોતના સત્તાકીય આંકડાથી ઘણા વધારે દાવા તો ક્યાંક ઘણા ઓછા દાવા પર પણ સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારનો ઉધડો લીધો હતો.

## માર્ચ મહિનામાં જ દેશના ઘણા રાજ્યોમાં ગરમી વધી છે

નવીદિલ્હી,

માર્ચ મહિનામાં જ દેશના ઘણા રાજ્યોમાં ગરમી વધી છે, લોકોને પહેલાથી જ ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે તેના નવીનતમ અપડેટમાં જણાવ્યું છે કે, 'લોકોને આગામી દિવસોમાં ગરમીથી રાહત મળવાની નથી. હવે ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઝડપથી વધારો થશે. હાલમાં દિલ્હીમાં હવામાન ચોખ્ખું રહેશે અને દિવસ દરમિયાન હળવા પવનની શક્યતા છે. આજે રાજધાની દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે

વાસ્તવમાં, આ સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય છે, જેના કારણે લદ્દાખ અને આસપાસના વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. તો દક્ષિણના ઘણા રાજ્યોમાં પણ આગામી ચોવીસ કલાકમાં વરસાદની સંભાવના છે.જ્યારે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ગરમીનો પ્રકોપ જોવા મળશે. રાજસ્થાનના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ચાલીસને પાર કરી ગયો છે. બીજી તરફ બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને પંજાબ-હરિયાણામાં હવામાન શુષ્ક રહેવાનું છે અને ઉત્તર-પૂર્વમાં ઈન્દ્ર દેવ કૃપા કરી શકે છે, જ્યારે પર્વતો એટલે કેઉત્તરાખંડ અને હિમાચલમાં તાપમાન વધવાની આશંકા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. બી. શેખ
મુ. હાથીવન, તા. લુણાવાડા જી. મહીસાગર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઓમ સ્વ. સાંઈ સહાયજુથ
મુ. વિરણીયા, તા. લુણાવાડા જી. મહીસાગર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. ટી. સુથાર
મુ. રાબડીયા, તા. લુણાવાડા જી. મહીસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાની ઉંબેર ગામની નદી અને આજુબાજુ તળાવો પણ સૂકા ભટ્ટ ખેડૂતો ચિંતાતૂર બન્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ઉનાળો શરૂ થતાં પહેલાં જ સંતરામપુર તાલુકાના ઉંબેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં નદીઓમાં પાણી સુકાઈ જતા ખેડૂતો ચિંતામાં મુકાયા મૂંગા પશુઓ માટે ઘાસચારોની પાણી માટે વિકટ પરિસ્થિતિ ઊભી થયેલી છે. આ વિસ્તારની અંદર જોડાતા ગામો બેણદા પાદેડી નાનીરેલ મોટીરેલ સીંગલગઢ આંબા આ વિસ્તારમાં આવેલા તમામ ગામોમાં તળાવ અને નદીઓ સૂકાઈ જવાના કારણે ખેડૂતો માટે ભારે હાલાકી ઉભી થઈ છે. અત્યારથી જ પીવાના પાણી માટે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. સરકાર દ્વારા તળાવ ભરવા માટેની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ આવેલા આ વિસ્તારોમાં હજુ સુધી વિચારણા કરવામાં આવી નથી. સૌથી વધારે પશુ અને વસ્તી ધરાવતાં ગામો આ વિસ્તારમાં જોવાઈ રહેલા છે. પ્રથમ ઉનાળાના તમામ નદીઓ અને તળાવો કોરાકટ જોવાઈ રહ્યાં છીએ. સરકારે મત વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્ય મુંગા પશુઓને ખેડૂતો માટે પાણીની વ્યવસ્થા અને તળાવ ભરવાની વિચારણા કરે અને મુંગા પશુઓને પાણી મળીને ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

## સંતરામપુરના બહેડિયા ગામે પશુ વંધ્યત્વ શિબીર યોજાઈ



સંતરામપુર,
મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના બહેડિયા ગામમાં શેઠ મ.છ.ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલયના આચાર્યના માર્ગદર્શન હેઠળ મહાવિદ્યાલય હસ્તકના ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પશુ વંધ્યત્વ શિબીરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પશુમાં પ્રજનનને લગતી બીમારીઓની વિનામુલ્યે સારવાર આપવામા આવી અને ૩૫ પશુપાલકોના ૫૬ ગાય/ભેંસોને સારવાર આપવામાં આવી. જેમાં વેટરનરી કોલેજના ગાયનેકોલોજીસ્ટ ડો.જગદીશભાઈએ પટેલઅને પોસ્ટ ગેજ્યુએટ થતા વિદ્યાર્થીઓ ઉપરાંત ડેરી વિજ્ઞાન કેન્દ્રના વેટરનરી આસિસ્ટન્ટ ભાવિનભાઈ પટેલ ઉપસ્થિત રહી ગામના પશુપાલકોને મદદરૂપ થયા હતાં.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**૨૧મી માર્ચ ૨૦૨૨ ના રોજ ઘોઘંબા તાલુકા કક્ષાએ આંતરરાષ્ટ્રીય વન મહોત્સવની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે રેન્જ ફોરેસ્ટ ઓફિસના ફોરેસ્ટ ઓફિસર કટારા તથા તેનો સંપૂર્ણ સ્ટાફ હાજર રહ્યો હતો. બી.આર.સી કો.ઓર્ડીનેટર પ્રવિણસિંહ સોલંકી તથા તાલુકા શાળાના આચાર્ય પિયુષભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.**

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (માતૃસંસ્થા) હાલોલ એકમની પ્રથમ કારોબારીની બેઠક મળી



હાલોલ,
શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા (માતૃ સંસ્થા) હાલોલ એકમની પ્રથમ કારોબારીની બેઠક કલરવ સ્કુલ હાલોલ ખાતે મળી હતી. જેમાં મોટી સંખ્યામાં નિમાયેલા બ્રહ્મ હોદ્દેદારો, મહિલાઓ, યુવાઓ તેમજ ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા. હાલોલ નગર ખાતે મળેલી આ પ્રથમ કારોબારીમાં હાલોલ તાલુકા એકમ પ્રમુખ હાર્દિકભાઈ જોશીપુરા, ગુજરાત પ્રદેશ મંત્રી શરદભાઈ પંડ્યા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા કલ્પનાબેન જોષીપુરા (રાજ્યકક્ષા મહિલા સંયોજક), જીલ્લા પ્રમુખ જવાહરભાઈ પી. ત્રિવેદી, જિલ્લા મહિલા પ્રમુખ મીનાક્ષીબેન પંડ્યા, જીલ્લા મહામંત્રી સંકેત પંડ્યા, હાલોલ એકમ મહિલા પ્રમુખ જીજ્ઞાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા (માતૃ સંસ્થા) હાલોલ એકમના વિવિધ હોદ્દેદારોને નિમણુંક આપી જાહેરાત કરવામાં આવી હતી. હાલોલ ખાતે મળેલી આ પ્રથમ બ્રહ્મ કારોબારીમાં સંગઠનને મજબૂત બનાવવાની માહિતી જવાહરભાઈ પી.ત્રિવેદી દ્વારા આપવામાં આવી હતી. વધુમાં હાલોલ એકમ દ્વારા સંસ્કૃત સ્કુલ, લગ્ન વિષયક માહિતી, ગુગલ ફોમ તેમજ ચૈત્રી નવરાત્રીમાં વિસામાનો કાર્યક્રમ ઉપરાંત તા. ૨૩- ૩-૨૦૨૨ ને બુધવારના રોજ ‘‘ધ કાશ્મીર ફાઈલ્સ’’ પીકચર શોનું વિના મુલ્યે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (માતૃસંસ્થા) હાલોલ એકમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં પંચમહાલ જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્યમિક વિભાગના આચાર્ય સંવર્ગના પ્રમુખ તરીકે મેહુલભાઈ સેવકની નિમણૂંક થવા બદલ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ હાલોલ એકમ દ્વારા અભિનંદન આપ્યાં હતાં. જીલ્લા આઈ ટી સેલ દ્વારા આગામી સમયમાં વિવિધ સરકારી યોજનાકીય માહિતી અને લાભ વધુમાં વધુ બ્રાહ્મણ સમાજના લોકોને મળે તેવુ આયોજન કરવામાં આવશે.

આમ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા (માતૃ સંસ્થા) હાલોલ એકમ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

## મને ગમતી શાળામાં આંતરરાષ્ટ્રીય વન દિવસની અનોખી ઉજવણી



સંતરામપુર,
મહિસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ૨૧મી માર્ચ એટલે કે, આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી. આ વર્ષ યુ.એન ઓ દ્વારા ફોરેસ્ટ એન્ડ સસ્ટેનેબલ પ્રોડક્શન કન્ઝપશન થીમ અંતર્ગત આજનો દિવસ ઉજવવાનું નક્કી થયેલ. આજના દિવસે ગુજરાત રાજયના મુખ્યમંત્રી પટેલના બાયસેગ દ્વારા આજના દિવસ સંદર્ભે માર્ગદર્શન મેળવ્યું. જેનો વિષય હતો ‘‘નમો વડ વન, આઝાદી કા અમૃત મહોત્સવ’’ ઉપક્રમે ૭૫ વટ વૃક્ષો વાવવાનો સંકલ્પ આપવામાં આવ્યો અને અમારી શાળામાં હયાત વડ દાદાનું પૂજન કરવામાં આવ્યું. શાળાના મદદનીશ શિક્ષક અશોકભાઈ મોચી દ્વારા જીવનમાં વૃક્ષો અને વડદાદાનું મહત્વ એ વિષય પર બાળકોને માહિતગાર કરવામાં આવ્યા. વૃક્ષોએ ધરતી પરનું સ્વર્ગ છે એની માવજત માટેના શપથ પણ લેવડાવવામાં આવ્યા. આમ આજના દિવસની બાળકો અને શિક્ષકો દ્વારા આંતરરાષ્ટ્રીય વન દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી.

## નરેશ પટેલ ખોડલધામને રાજકીય અખાડો બનાવવા જઈ રહ્યા છે : કડવા પાટીદાર આગેવાન પોપટ ફતેપરા



રાજકોટ,
ખોડલધામ અધ્યક્ષ નરેશ પટેલે રાજકારણમાં આવવાના સંકેત આપ્યા બાદ હવે રાજકોટમાંથી જ નરેશ પટેલ સામે વિરોધનો સૂર ઉઠ્યો છે. કડવા પાટીદાર આગેવાન પોપટ ફતેપરાએ ઊંઝા, સિદસર અને ગાંઠીલા ઉમિયા માતાજી મંદિરને પત્ર લખી નરેશ પટેલને મંદિરમાં પ્રવેશવા ન દેવા અનુરોધ કર્યો છે. પોપટ ફતેપરાએ નરેશ પટેલ પર બેધારી નીતિ અપનાવવાનો આક્ષેપ કરતા કહ્યું છે કે કડવા અન લેઉવા પાટીદારો એક મંચ પર આવવાથી ભાજપે ૧ મુખ્યપ્રધાન તેમજ ૭ પ્રધાનોને સરકારમાં સ્થાન આપ્યું છે.

નરેશ પટેલ બેઠકમાં લેઉવા અને કડવા બંને અલગ નહીં પરંતુ એક જ પાટીદાર હોવાનું વાત કરે છે પરંતુ બાદમાં લેઉવા પાટીદારને પ્રધાનમંડળમાં મુખ્ય ખાતા ફાળવવામાં ન આવ્યા હોવાની રજૂઆત કરે છે. જો નરેશ પટેલે લેઉવા અને કડવા પાટીદારનો વિવાદ ઉભો રાખવો હોય તો તેમણે પાટીદાર સમાજ નહીં પરંતુ લેઉવા પટેલ સમાજ એમ શબ્દો બોલવા પડશે. પોપટ ફતેપરાએ કહ્યું કે કડવા પટેલ સમાજની ઊંઝા, સીદસર સહિતની સંસ્થાઓમાં રાજકારણને ક્યારેય સ્થાન આપવામાં આવ્યું નથી પરંતુ નરેશ પટેલ ખોડલધામને રાજકીય અખાડો બનાવવા જઈ રહ્યા છે.

## કાલોલ પેટ્રોલપંપ પર આપવામાં અવતી સુવિધાને તાળા : ગ્રાહકો પરેશાન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપ પર અને સંયુક્તમાં સી.એન.જી પંપ ચલાવતા માલિક પોતાના કબજા હેઠળ ચલાવતા પંપ પર માત્રને માત્ર શૌચાલયની સુવિધા દેખાવ પૂરતી જ છે કે શું ? જોકે સરકારના ધારાધોરણ પ્રમાણે પેટ્રોલ પંપ અને સીએનજી પંપો પર શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, તેમજ એર માટેની વ્યવસ્થા હોવી જરૂરી છે. પરંતુ કાલોલ નગરમાં આવેલા કેટલાક પેટ્રોલ પંપ અને સી.એન.જી પંપ શૌચાલય જેવી વ્યવસ્થાઓ માત્ર શોભાના ગાંઠિયા સમાન જ જોવા મળી રહે છે. જોકે, પેટ્રોલ પંપો પર અધુરી સુવિધાઓ ઉપલબ્ધ કરી માત્ર પેટ્રોલ પંપના સ્ટાફ માટે જ ઉપયોગ કરતા શૌચાલય પર તાળા મારી દેવામાં આવતા હોય છે. જેના કારણે પેટ્રોલ તેમજ ગેસ ભરવા આવતા ગ્રાહકોને આવી સુવિધાઓથી વંચિત રહેવું પડતું હોય છે. તદુપરાંત કાલોલ નગરના સીએનજી પંપ શૌચાલય અને તાળા મારી દેતા ગેસ પંપ પર આવતા કેટલાક ગ્રાહકો નજીકના તળાવ વિસ્તારમાં આવેલા રહિશોના શૌચાલયમાં તેમજ રહેઠાણ વિસ્તાર નજીકની ખુલ્લી જગ્યામાં ગંદકી ફેલાતાં સ્થાનિક રહીશો પરેશાન થઈ જતા હોય છે. જોકે, આવી મુશ્કેલી વેઠી રહેલા એક રહીશે સી.એન.જી તેમજ પેટ્રોલ પંપ ચલાવતા પેટ્રોલ પંપના માલિકને ત્યાં જઈ રજૂઆત કરતાં પેટ્રોલ પંપના માલિક એ શૌચાલયને તાળા મારી દીધા હતા. તેમજ તાળાં મારવાનું કારણ પૂછતા ગંદકી બહુ થતી હોવાના ઉત્તરો આપી સમજાવાની વાત કરી હતી. જેનો એક વીડિયો વાયરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે, કાલોલ નગરનું વહીવટી તંત્ર આવા વેપારીઓ સામે ચૂપ કેમ છે ? શું આવા પેટ્રોલ પંપો પર પુરવઠા વિભાગ તેમજ લાગતા વળગતા તંત્રની દેખરેખ હોય છે ખરી ? શું આ વાયરલ થયેલા વિડિયોના આધારે જે તે પેટ્રોલ પંપની તપાસ હાથ ધરવામાં આવશે કે કેમ તે હવે જોવું રહ્યું.

## લુણાવાડા શેણાદરિયા થી ગોરાડા પાસે રસ્તાની કામગીરી માટે બિનજરૂરી વૃક્ષોનું નિકંદન કરાયુ

મલેકપુર,
તા.૨૧મી માર્ચ વિશ્વ વન દિવસની ઉજવણી સરકાર દ્વારા થઈ રહી છે. પરંતુ વનવિભાગ દ્વારા વર્ષોથી ઘટાદાર વૃક્ષો પરત્વે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યુ છે.

રસ્તાઓના વિકાસના નામે બિનજરૂરી રીતે વૃક્ષછેદનની પરવાનગી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા આપવામાં આવે છે. કાર્યક્રમોના માધ્યમથી વન અને પર્યાવરણ બચાવવા બિનજાગૃતિની તાડના વૃક્ષો જેવી વાતો કરવામાં આવે છે. પણ મહિસાગર જિલ્લામાં વનવિભાગ સ્વયંભુ ઉછરેલા વૃક્ષો બચાવવા કેટલો જાગૃત અને ગંભીર છે તેનુ ઉદાહરણ જોવા મળે છે. લુણાવાડા તાલુકાના શેણાદરિયા ગોરાડા પાસે વર્ષો જુના ઘટાદાર વૃક્ષનુ માર્ગ બનાવવાના કામે નડતરરૂપ ન હોવા છતાં બિનજરૂરી રીતે છેદન કરવામાં આવ્યુ છે જેને લઈને પર્યાવરણ પ્રેમીઓમાં દુઃખની લાગણી જોવા મળી હતી. તંત્ર દ્વારા કંકા તળાવથી દિવડાકોલોની માર્ગ વિસ્તૃતિકરણમાં એક હજારથી વધુ વૃક્ષછેદનની પરવાનગી વનવિભાગ દ્વારા આપવામાં આવી હોવાનુ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યુ છે. જેમાંથી સ્થળ પર અનેક વૃક્ષ એવા છે જે માર્ગ વિસ્તૃતિકરણમાં નડતરરૂપ ન હતા.

## યોગી આદિત્યનાથની શપથવિધિમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ હાજરી આપશે



ગાંધીનગર,
મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉત્તર પ્રદેશ મુખ્યપ્રધાનની શપથવિધિ સમારંભમાં હાજરી આપશે. ૨૫ માર્ચે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે યોગી આદિત્યનાથનો શપથવિધિ સમારંભ યોજાશે. જેમાં દેશના ભાજપ શાસિત તમામ મુખ્ય મંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

૨૫ માર્ચે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર-૨નો શપથ ગ્રહણ સમારોહ યોજાવાનો છે. આ માટે ભાજપ સંગઠને સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. લખનઉને શણગારવામાં આવી રહ્યું છે અને ૨૫ માર્ચે સમગ્ર ઉત્તરપ્રદેશમાં ઉત્સવનો માહોલ રહેશે. યોગી આદિત્યનાથના શપથ ગ્રહણમાં પીએમ નરેન્દ્ર મોદી ની સાથે ભાજપના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહેશે. ત્યારે આ શપથ સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ હાજરી આપશે. યોગી આદિત્યનાથના શપથ સમારોહમાં હાજર રહેવા માટે દેશભરના તમામ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનોને આમંત્રણ આપવામાં આવ્યુ છે. મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ આ શપથ સમારોહમાં હાજર રહેવા માટે ૨૫ માર્ચે વહેલી સવારે જ ગુજરાતથી રવાના થઈ જશે.

આ શપથ સમારોહમાં સંતોની સાથે સંઘના અધિકારીઓ પણ હાજર રહેશે. ભાજપે ૨૫ માર્ચે રાજ્યના દરેક મુખ્ય ચોકમાં શણગાર સાથે મઠો અને મંદિરોમાં પૂજાની તૈયારીઓ કરી છે.વાસ્તવમાં ભાજપ ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં જીત દ્વારા સમગ્ર દેશને એક સંદેશ આપવા માગે છે. તેથી ભાજપ યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહને તહેવાર તરીકે ઉજવવાની તૈયારી કરી રહ્યું છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

વૃષભ : આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન : નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે.

કર્ક : આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે. સ્પર્ધકો તમારી આગળ ઊભા રહી શકશે નહીં.

સિંહ : આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

કન્યા : તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

તુલા : આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો.

વૃશ્ચિક : આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધનુ : આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે.

મકર : આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ : તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

મીન : આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે. બપોર સુધીનો સમય વ્યસ્ત રહેશે.

# સ્વકર્મ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

પહેલાં તો સ્વકર્મ એટલે શું?
સ્વકર્મ એટલે તમે સ્વયંમ કરેલું કર્મ,
અર્થાત જીવ અને શિવનું મિલન
તો પછી શિવની પ્રાપ્તિ કેમ કરશો?
એવી કઈ મૂડી છે જેનાંથી જીવ
શિવમાં એકાકાર થઈ જાય! એ છે
સત્કર્મ.

મિત્રો, એવાં સત્કર્મ કરો કે ભગવાને સ્વયંમ તમને મળવા આવવું પડે. એક એવું સ્વકર્મ જે ભગવાનને ચોપડે પણ એની નોંધ લેવાય ને ભકત પુંડરીકની જેમ ભગવાન તમારે દ્વારે આવીને તમારી એપોઈન્ટમેન્ટ લેવાં તત્પર હોય અને કદાચિત નરસિંહ મહેતા, મીરાંબાઈ કે યુધિષ્ઠિરની જેમ તમને પણ સદેહે સ્વર્ગની પ્રાપ્તિ થાય. અત્યાર સુધી તો માનવીની જ એપોઈન્ટમેન્ટ લેવી પડતી હતી, ભગવાનના દ્વાર તો ખુલ્લા જ હોય છે પણ તમારૂં એક સત્કર્મ ભગવાનને પણ તમારી પાસે ખેંચી લાવે છે!

મિત્રો, ભગવાનનો ડર ન રાખો એને મિત્ર બનાવો પછી જુઓ ચમત્કાર કારણ તમારો આ મિત્ર તમને કોઈ દિવસ હારવા નહીં દે!

આજે આ કોરોના કાળમાં પ્રભુ આપણાથી રિસાઈ ગયાં છે કદાચિત એટલે જ એમનાં દ્વાર આપણાં માટે બંધ થયાં છે તો ચાલો ભેગાં થઈને પ્રભુને મનાવી.

પ્રભુ માનશે કઈ રીતે? તો અહીં મને એક મરાઠી કવિતા યાદ આવે છે કોણે લખી એ ખબર નથી પણ એનો અનુવાદ હું કરૂં છું,

પરમેશ્વર રજા પર છે.
એ ગયાંછે કોઈ અનાથાશ્રમમાં,
કોઈ અનાથનાં મુખ પર હાસ્ય લાવવા,
ત્યા તમે જઈ થકો છો કારણ,
પરમેશ્વર તો રજા પર છે.

એ ગયાં છે કોઈ હોસ્પિટલમાં,
કોઈ દર્દીના દર્દને દૂર કરવાં,
ત્યાં તમે જઈ શકો છો કારણ,
પરમેશ્વર તો રજા પર છે

એ ગયાં છે કોઈ વૃધ્ધાશ્રમમાં,
કોઈ વૃધ્ધનાં આંસુ લુંછવા,
ત્યાં તમે જઈ શકો છો કારણ,
પરમેશ્વર તો રજા પર છે

એ ગયાં છે કોઈ સેવાભાવી સંસ્થામાં,

કોઈ બાળકની ફી ભરવાં કારણ,
પરમેશ્વર તો રજા પર છે
અજ્ઞાત

ખરેખર મિત્રો, શું આવા સ્વકર્મ કરવાથી પરમેશ્વર ખુશ નહીં થાય?

મને સમાજના મહાનુભાવોને એક સવાલ છે, શું ખોટા આડંબર કરવાથી પ્રભુ રાજી થશે? ભગવાન તો ભાવના જ ભુખ્યાં છે, એ કેવળ મંદિરમાં નહીં, પણ સર્વત્ર છે. કોઈ સેવાભાવી મનુષ્ય માનવસેવા કરતો હોય છે એજ સાચો પરમેશ્વર છે એને મંદિરમાં શોધવાની જરૂર જ નથી, પણ આપણે તો બગભગત બનીને ખોટાં આડંબરમાં રહીને ભગવાનને શોધીએ તો નિરાશા જ પ્રાપ્ત થાય છે. અરે! વિશેષ માસમાં તો આવા બગભગત સંખ્યામાં વધારો થઈ જાય છે ! શ્રાવણ મહિનો શંકર ભગવાનનો, અધિકમાસમાં પુરૂષોત્તમભગવાન, ભાદરવો આવે એટલે ગણેશજી અને આસો માતાજીનો આ મહિનાઓમાં તો બગભગતના ઘોડાપૂર ઉમટી પડે છે. માસ તો છોડો આપણે તો વારને પણ નથી છોડ્યા! સોમવારે શંકરનો, મંગળવાર ગણપતિનો, ગુરૂવારે સાંઈબાબા, શુક્રવાર સંતોષીમાતા, શનિવાર હનુમાનજીનો ને રવિવાર માતાજીનો! ભગવાનના પણ ભાગલાં પાડી દીધા! આમાં સૌથી કફોડી હાલત હોય તો શંકરભગવાનની અને હનુમાનજીની, એક પર જળ દહીં દૂધનો અભિષેક અને બીજા પર તેલ અને સિંદુરનો, એકને બીલીપત્ર તો બીજાને આંકડાની માળા પહેરાવી દીધી. મને ઘણીવાર થાય છે કે આ તે કેવી આસ્થા? મને એક સવાલ છે શું જળ અને તેલ ચઢાવવાથી ભગવાન રાજી થશે? પછી ભલેને આપણે બીજાને દુભવતા હોય અથવા નારાજ કરતા હોય? શું આ સાચી પ્રભુ સેવા છે? ઘણાં એમ કહે છે કે પૃથ્વીનાં પેટાળમાં જે લાવા છે એને ઠંડો રાખવા માટે મહાદેવનો અભિષેક થાય છે, તો શું એ લાવાને ઠંડો કરવા માટે જે પૃથ્વી પર જળનો ભંડાર છે એ પર્યાપ્ત નથી? માટે આવા પ્રકારના કૃત્યથી જ તો પ્રભુએ નારાજ થઈને તમારા પ્રવેશ પર જ પ્રતિબંધ લગાવી દીધો જાણે કહેતાં નહોય ‘‘કે હે માનવ હવે તો સુધરી જા.’’

મિત્રો, કહેવાનો તાત્પર્ય એ છે કે બે હાથથી તમે કોઈની સેવા કરશો તો હજાર હાથવાળો તમે આપવામાં કંઈ બાકી નહીં રાખે માટે ભગવાનનો ડર રાખ્યા વગર એને મિત્ર બનાવો, એજ તમારૂં સાચું સત્કર્મ છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### દાહોદની સર્વે નંબર-૯૬૪ પૈકીવાળી

## આદિવાસીની જમીનના દસ્તાવેજના આધારે અન્ય જમીનના વેચાણ દસ્તાવેજ કરતાં રેવન્યુ વિભાગ દાહોદ શરત ભંગ કાર્યવાહી કરે તેવી રાવ

ગોધરા,

ગોધરા (ક) વિસ્તાર રે.સર્વે નંબર૪૧૦૬૩ વાળી જમીનના દક્ષિણ બાજુથી હે. ૨-૯૮-૬૬ વાળી ખેતીની જમીન વેચાણ દસ્તાવેજથી રાખનાર કુતુબુદ્દીનભાઈ નુરૂદ્દીનભાઈ રાવતના પૂર્વજ સને ૧૯૫૦ પહેલાના મુળ ખેડુત નથી. તેમ છતાં જે દસ્તાવેજ નંબર-૮૨૩૭ રજુ કરીને નોંધ પડાવવામાં આવી છે. દસ્તાવેજમાં દર્શાવેલ છે. સર્વે નંબર-૯૬૪ પૈકી વાળી જમીન ધારણ કરતાં હોય તે જમીન મુળ આદિવાસીની હોય ત્યારે આ જમીન સક્ષમ અધિકારીની મંજુરી વગર ધારણ કરેલ હોય જેની હાલ જમીન ધારણ કરનારની જમીન શરત ભંગની દાહોદ રેવન્યુ વિભાગ દ્વારા કાર્યવાહી થાય તે જરૂરી છે.

ગોધરા (ક) વિસ્તારની રે.સર્વે નંબર૧૦૬૩ વાળી જમીન પૈકીની દક્ષિણ બાજુની હે.૨-૯૮-૬૬વાળી ખેતીની જમીન નો વેચાણ દસ્તાવેજ નંબર ૮૨૩૭-૨૦૨૧ તા. ૨/૧૧/૦૨૧ના રોજ કુતુબુદ્દીનભાઈ નુરૂદ્દીનભાઈ રાવતને કરી આપેલ છે. અને તે વેચાણ દસ્તાવેજ થી ઈ-ધરા ખાતે વેચાણ નોંધ નં.૭૧૧૮૨ની ગેરકાયદેસર અને નલીટી પડેલ છે. વેચાણ રાખનાર કુતબુદ્દીનભાઈ નુરૂદ્દીનભાઈ રાવત તથા તેમના પૂર્વજો મુળ ખેડુતના હોવા છતાં વેચાણ રાખવામાં આવેલ જમીનમાં જે દસ્તાવેજ નંબર-૮૨૩૭ રજુ કરી નોંધ પડાવેલ છે. જેમાં મોજે-દાહોદ તા.દાહોદ સર્વે ૯૬૪ પૈકીવાળી જમીન તેઓ ધારણ કરે છે. તેવું દસ્તાવેજમાં બતાવેલ છે પરંતુ આ જમીન મુળ આદિવાસી ઈસમની હોય અને તેમની નોંધ નંબર-૧૩૦૭૬ પડેલ હોય દાહોદની જમીન આદિવાસી ઈસમની હોય અને આ જમીન લેતા પૂર્વ સક્ષમ અધિકારીની મંજુરી મેળવેલ નથી. તે જોતાં હાલમાં જમીન ધારણ કરનાર કુતબુદ્દીનભાઈ નુરૂદ્દીનભાઈ રાવતની જમીન શરત ભંગ કરી સરકાર હસ્તક કરવાની કાર્યવાહી દાહોદ જીલ્લા રેવન્યુ વિભાગ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

## દાહોદના કઠલા ગામે બોલેરો માંથી ૨.૬૪ લાખનો દારૂ અને બીયરનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામેથી પોલીસે નાકાબંધી દરમ્યાન એક બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા. ૨,૬૪,૧૫૦ના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫.૮૯.૧૫૦નો મુદ્દામાલ કબજે કરી એકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા. ૨૦મી માર્ચના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે કઠલા ગામે આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે પોલીસને જોઈ ગાડીમાં સવાર સુનીલભાઈ મગનભાઈ ડામોર (રહે. કઠલા, તા.જિ.દાહોદ) અને તેની સાથેનો અન્ય એક ઈસમ મળી બે જણા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે ગાડીના ચાલક કમલેશભાઈ નુરજીભાઈ અમલીયાર (રહે. ખંગેલા, તા.જિ.દાહોદ) ને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૨૧૪૯ જેની કુલ કિંમત રૂા. ૨,૬૪,૧૫૦નો મુદ્દામાલ સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૮૯,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના દશલા ગામેથી ૧.૬૩ લાખના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના દશલા ગામેથી પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીમાંથી પોલીસે રૂા. ૧,૬૩,૨૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૬૩,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા. ૨૦મી માર્ચના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે દશલા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા તે સમયે ત્યાંથી એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને પોલીસને જોઈ ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની અને બીયરની બોટલો નંગ. ૧૧૫૨ કિંમત રૂા. ૧,૬૩,૨૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૬૩,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી કતવારા પોલીસે ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના સરસ્વા ગામે કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી : કાર બળીને ખાખ

ફતેપુરા,

ફતેપુરાના ફતેપુરા થી બલૈયા ક્રોસીંગ રોડ પર એક ફોક્સવેગન વેન્ટો કારમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ ફતેપુરા થી બલૈયા ક્રોશીંગ રોડ પર સરસ્વા ગામે સ્ટેશન નજીક કારમાં આગ લાગી હતી. આ ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. કાર બળીને ખાખ થઈ જવા પામી હતી. જેના કારણે રોડ પર ટ્રાફિક જામ પણ થયું હતું.



મળતી માહિતી અનુસાર ફતેપુરા તાલુકા ના ભીચોર ગામ વતની દિનેશભાઈ કલાલ પોતાની કાર જીજે-૧૭-એએચ-૧૬૨૦ નંબરની ફોકસવેગન વેન્ટો કાર લઈ સંતરામપુર કોઈ કામકાજ અર્થે જઈ ને પાછા આવતા હતા. તે દરમિયાન તેમની કાર ફતેપુરા થી બલૈયા રોડ પર પૂરપાટ ઝડપે જતા હતા. ત્યારે ચાલુ કાર માંથી અચાનક ધુમાડા નીકળવા માંડયા હતા. જેથી કારને રોડ નીચે સાઇડમાં ઉભી રાખી સમયે સૂચકતા મુજબ પિતા પુત્ર કાર માંથી હેમખેમ બહાર નીકળી આવ્યા હતા. પરંતુ નાની મોટી ઈજા થતાં જેઓને ૧૦૮ મારફતે સુખસર રેફરલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જાગૃત નાગરિકો દ્વારા ઝાલોદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, પરંતુ ઝાલોદ થી સરસ્વા ૨૫ કિલોમીટર નું અંતર છે. જે ફાયર બ્રિગેડ ને આવતા આશરે ૩૦ મિનિટ જેવા સમય લાગે જે સમયમાં સમગ્ર કાર બળીને ખાખ થઈ જવા પામી હતી. આખરે ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને ઓલવી હતી. પરંતુ કાર બળીને ખાખ થઈ જવા પામી હતી.

આ ઉપરાંત ઘટના ની જાણ સુખસર પોલીસ ને થતાં સુખસર પોલીસ પણ ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગઈ હતી. ઘટના સમયે પિતા પુત્ર કાર માંથી નીચે ઉતરી ગયા હતા. જેના કારણે મોટી ઘટના ટળી હતી. આ ઘટનાને લઈ સુખસર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસ કરાવતા દર્દીઓને રૂા.૩૦૦ કયા કારણે ચુકવાતા નથી...?

દે.બારીયા,

દે.બારીયા જયદીપસિંહજી સુભગસિંહજી ચૌહાણ સરકારી હોસ્પિટલ સને ૧૯૨૯ થી રજવાડી શાસનના સમય થી શરૂ કરવામાં આવ્યું હતું. આ સરકારી હોસ્પિટલ જનરલ સર્જરી માટેનું હબ સેન્ટર વખણાતું હતું. તાલુકાના પંથકના દર્દીઓ ભલે ને મોટા શહેરોમાં ધંધા અર્થે ગયા હોય પરંતુ કોઈપણ આરોગ્યલક્ષી ટ્રીટમેન્ટ અને સર્જરી માટે દે.બારીયાના સરકારી હોસ્પિટલની સારવાર ઉપર ભરોસો રાખતા ખચકાતા ન હતા.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ૧૨/૦૨/૨૦૧૯ થી આઈ.કે.ડી.આર.સી. અમદાવાદ અને રાજ્ય સરકારના દ્વારા ડાયાલીસીસ કેન્દ્ર ચાલુ કરવામાં આવેલું છે અને હવે આઈ.કે.ડી.આર.સી. અમદાવાદ અને રાજ્ય સરકારના સહયોગથી વધારાના બે મશીનો સહીત કુલ ૫ મશીનોથી ડાયાલીસીસ કેન્દ્રનું હાલમાં લોકાર્પણ કરવામાં આવ્યું છે. પહેલા અઠવાડીયામાં દર અઠવાડીયે ૧૬ જેટલા દર્દીઓ ડાયાલીસીસ માટે સારવાર થઈ રહી છે. પરંતુ તે દર્દીઓને રૂા.૩૦૦/-ની રોકડ રકમ ચુકતે કયા કારણે કરવામાં આવતી નથી. તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા સરકરી હોસ્પિટલના ડાયાલીસીસ વિભાગમાં લગભગ ૪૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. એક દર્દીને એક સારવારમાં ત્રણ વાર ડાયાલીસીસ માટે સરકારી હોસ્પિટલે આવવું પડે છે. જેનો ખર્ચ પેટે સરકાર રૂા.૩૦૦/-રોકડ ચુકતે કરવાનું બહુમાન લે છે. અહીંયા તો પોતાના ખર્ચે લાભાર્થીઓ આવે છે. શું..? સરકારનું આરોગ્ય વિભાગ ગ્રાન્ટ ફાળવવામાં ખરેખર વિલંબ કરે છે... ? ડાયાલીસીસના દર્દીઓના દ્વારા સ્થાનિક તંત્રને જે રોકડ સહાયના વિશે પૂછે છે તો ઉડાઉ જવાબ આપવામાં આવતો હોય છે. આ માહિતી એક ડાયાલીસીસના દર્દીએ ખુબ ઉંડા શ્વાસ અને ભાવુક થઈને જણાવ્યું છે. આના ઉપર થી કહી શકાય કે ડાયાલીસીસના દર્દીઓ કેટલી આર્થીક કટોકટીમાં દિવસો પસાર કરે છે. એક દર્દીના ૨૫,૨૦૦/-ની બાકી નાણાં કયારે અને કેટલા સમય મર્યાદામાં ચૂકતે કરાશે તે યક્ષ પ્રશ્ન છે. માર્ચ એન્ડીંગ ચાલુ રહ્યું છે. સરકારના દરેક વિભાગની ગ્રાન્ટ આ હિસાબી મહિનામાં વાપરી નાખવાની હોય છે પરંતુ અહીં તો ઉલ્ટુ ગ્રાન્ટ આવતી નથી. પાસેના ડાયાલીસીસ ગોધરા કેન્દ્રમાં ગ્રાન્ટ ફળવાયેલ છે. દાહોદ જીલ્લાના દે.બારીયા મોડેલરૂપી તાલુકામાં આરોગ્યની ગ્રાન્ટ ના ફળવાય તે વાત ગળે ઉતરતી નથી શું...? બધા મેળાપીપણા કરી આ ગરીબ દર્દીઓના નાણાં ચાંઉ તો થઈ નહી જાય ને તે એક ગંભીર સવાલ દર્દીઓને સતાવી રહ્યો છે.

## ફતેપુરાના હિંગલા ગામે અગાઉના ઝઘડાની અદાવતે ઘર ઉપર પથ્થર મારો કરી ધીંગાણું મચાવતાં ચાર ઈસમો સામે ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના હિંગલા ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળની બનાવી એક વ્યક્તિના ઘર ઉપર પથ્થર મારો કરી તેમજ બે મહિલા સહિત ત્રણ જણાને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા. ૨૦મી માર્ચના રોજ હીંગલા ગામે રહેતાં સમસુભાઈ જગાભાઈ સંગાડા, જયપાલભાઈ કલસીંગભાઈ સંગાડા, અનીલભાઈ માસીંગભાઈ સંગાડા અને મનહરભાઈ માનસીંગભાઈ સંગાડાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે હાથમાં પથ્થરો તેમજ લાકડીઓ લઈ પોતાના ગામમાં રહેતાં ઈટલીબેન બાબુભાઈ ભગોરાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, હોળીના દિવસે કેમ ઝઘડો કરેલ, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ પથ્થરો ઈટલીબેનના ઘર પર મારી ઘરના નળીયાની તોડફોડ કરી ઈટલીબેન, જીજ્ઞેશભાઈ અને સોનલબેનને ગડદાપાટ્ટુનો અને લાકડી વડે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે ઈજાગ્રસ્ત ઈટલીબેન બાબુભાઈ ભગોરાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતે આજે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા ફરીયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં જિલ્લામાં યોજાનારી આગામી બોર્ડની પરીક્ષાઓને સુચારુ તેમજ યોગ્ય સંકલન સાથે યોજવા કલેક્ટર ગોસાવીએ સૂચન કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, આગામી બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ શાંત માહોલમાં આપી શકે તે જરૂરી છે. આ માટેની તમામ વ્યવસ્થાઓ સુચારૂ રીતે યોગ્ય સંકલન સાથે કરવી જોઇએ. વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઈ પણ મુશ્કેલી ન પડે તેનું પણ દયાન રાખવું. બોર્ડની પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શકતા સાથે યોજવાની છે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ તબક્કે બોર્ડની પરીક્ષા માટે તૈયારીની વિગતો આપી હતી અને તંત્ર પરીક્ષા યોજવા માટે સજ્જ હોવાનું જણાવ્યું હતું.

કલેકટર ગોસાવીએ તમામ વિભાગોને પેન્ડિગ અરજીઓનો સત્વરે નિકાલ લાવવા તાકીદ કરી હતી. સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, નિવાસી અધિક કલેકટર એ.બી. પાંડોર, નાયબ પોલીસ અધિક્ષક પરેશ સોલંકી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.

## ઘોઘંબાના ભાણપુરા પાસે પુલ પરથી કાર ખાબકતા મુસાફરોને નાની-મોટી ઈજાઓ

ઘોઘંબા,


ઘોઘંબા નજીક ભાણપુરા ગામ પાસે હાલોલ જવાના મુખ્ય માર્ગ પર પુલ નજીક હાલોલથી ઘોઘંબા તરફ હોળીનો તહેવાર મનાવવા માટે શ્રમજીવીઓ પોતાના માદરે વતન આવી રહેલી મારૂતિ ઈકો ગાડીને રસ્તામાં અચાનક ભુંડ આવી જતા ફુલ સ્પીડે આવી રહેલ મારૂતિ ઈકોના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા શ્રમજીવીઓ લઈને આવી રહેલી ઈકો ગાડી પુલ ઉપરથી લગભગ ૨૦ ફુટ નીચે ખાબકી હતી. અકસ્માતના કારણે ગાડીમાં બેઠેલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તેઓની બુમાબુમથી વાતાવરણ કંપી ઉઠ્યુ હતુ. જો કે સદ્‌નસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઘોઘંબા ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## વર્ષનું પહેલું વાવાઝોડું આવી ગયું

## આસની વાવાઝોડું, ભારે પવન સાથે વરસાદ, માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી

નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું આસની અંદમાન અને નિકોબારમાં દરિયાકાંઠે ગમે ત્યારે ત્રાટકશે. આ સ્થિતિમાં ભારતીય કોસ્ટ ગાર્ડે બંગાળની ખાડી અને અંદમાન અને નિકોબાર ટાપુઓ પર તમામ ખલાસીઓને અને માછીમારો માટે ચેતવણી જાહેર કરી છે. માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. વાવાઝોડાને કારણે અંદમાન અને નિકોબારમાં ભારે પવન અને વરસાદ પડી રહ્યો છે.વાવાઝોડાને કારણે પોર્ટ બ્લેયર અને આસપાસના ટાપુઓ વચ્ચે ચાલતા તમામ જહાજોને દરિયામાં જવાથી અટકાવી દેવામાં આવ્યા છે. મુસાફરો માટે હેલ્પલાઇન નંબર ૦૩૧૯૨-૨૪૫૫૫૫/૨૩૨૭૧૪ અને ટોલ ફ્રી નંબર ૧-૮૦૦-૩૪૫-૨૭૧૪ જાહેર કરવામાં આવ્યો છે.



મોડી રાત્રે એક ટ્વિટમાં, હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આંદામાન સમુદ્ર પર, નિકોબાર ટાપુઓના ૨૫૦ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વ અને પોર્ટ બ્લેરના ૮૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં ચક્રવાત અસાની ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે જે ટાપુઓને પ્રભાવિત કરી રહ્યું છે તે વધુ તીવ્ર થવાની તૈયારીમાં છે, અને આગામી ૧૨ કલાકમાં 'ડીપ ડિપ્રેશન'માં બદલવાની શક્યતા છે.

હવામાન વિભાગે ચક્રવાત અસાનીનું લેન્ડફોલ પોઈન્ટ શું હશે તેનો ઉલ્લેખ નથી કર્યો. એક વરિષ્ઠ આઈએમડી વૈજ્ઞાનિકે જણાવ્યું કે, અમે ચક્રવાત અસાની માટે કોઈ લેન્ડફોલ પોઈન્ટનો ઉલ્લેખ નથી કર્યો અથવા આગાહી નથી કરી. તે આંદામાન અને નિકોબાર ટાપુઓ સાથે આગળ વધશે, પછી પૂર્વ-મધ્ય બંગાળની ખાડી અને મ્યાનમારના દરિયાકાંઠે, ધીમે ધીમે તેની તીવ્રતામાં ઘટાડો થશે.

આઈએમડીએ જણાવ્યું કે, આંદામાન અને નિકોબાર ટાપુઓ ૫૫-૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ૭૫ કિમી પ્રતિ કલાકની મહત્તમ ઝડપે ફૂંકાતા જોરદાર પવનનો અનુભવ કરવા માટે તૈયાર છે. જે વધુમાં વધુ ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પણ પહોંચી શકે છે. ચક્રવાત અસાનીની સંભવિત અસરની યાદીમાં પાવર લાઈનોમાં આંશિક વિક્ષેપ, રસ્તાઓ પર પાણીનો ભરાવો, સ્થાનિક ભૂસ્ખલન વગેરેનો સમાવેશ થાય છે.આંદામાન અને નિકોબાર ટાપુઓના જે વિસ્તારોમાં ચક્રવાત અસાનીથી પ્રભાવિત થવાની સંભાવના છે ત્યાં પ્રવાસી પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવી છે.

અધિકારીએ કહ્યું હતું કે, આબોહવાની રીતે માર્ચ એ ચક્રવાતની મોસમ નથી. આ એપ્રિલ અને મે છે. માર્ચમાં સમુદ્ર ઠંડો હોય છે અને સૌર ઈન્સોલેશન બહુ વધારે હોતું નથી. માર્ચમાં દેશના ઉત્તરીય ભાગોમાં પશ્ચિમી પ્રણાલીઓ પ્રબળ હોય છે અને દ્વીપકલ્પના પ્રદેશમાં પૂર્વીય તરંગો પ્રબળ હોય છે.ચક્રવાત અસાનીના કારણે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને બંગાળની ખાડી સિવાય ભારતના દરિયાકાંઠાના રાજ્યોમાં ભારે પવન ફૂંકાઈ શકે છે અને વરસાદ પણ પડી શકે છે

હવામાન વિભાગે ૨૦૨૨ ના પ્રથમ વાવાઝોડા અંગે પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી હતી. હવામાન વિભાગે કહ્યું હતું કે બંગાળની ખાડી અને તેની નજીકના દક્ષિણ અંદમાન સમુદ્રમાં બનેલા હળવા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે છે.આઈએમડીના ડિરેક્ટર મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે ૧૮૯૧-૨૦૨૨ વચ્ચે માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં માત્ર ૮ ચક્રવાત (બે અરબી સમુદ્રમાં અને ૬ બંગાળની ખાડીમાં) આવ્યા છે. આસની માર્ચમાં અંદમાન-નિકોબાર ટાપુઓ પર ત્રાટકનાર પ્રથમ ઉષ્ણકટિબંધીય ચક્રવાત બની શકે છે. છેલ્લા ૧૩૨ વર્ષમાં માર્ચમાં એક પણ ઉષ્ણકટિબંધીય ચક્રવાત આ વિસ્તારમાં આવ્યું નથી.

અસાની વાવાઝોડું આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ ખાતે પહોંચી ગયું છે. ત્યારે આ બધા વચ્ચે સોમવારે સવારે ભૂકંપના આંચકા પણ અનુભવાયા હતા. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ મેગ્નિટ્યુડ જેટલી નોંધાઈ હતી.

આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૭૬ કિમી ઉત્તર-ઉત્તર-પશ્ચિમમાં દિગલીપુર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૧૫.૬૬ અક્ષાંસ અને ૯૨.૩૦ રેખાંશ ઉપર ૩૯ કિમી ઉંડાણમાં નોંધાયું હતું. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે સોમવારે સવારે ૩:૨૫ કલાકે ભૂકંપના આંચકા આવ્યા હતા. જોકે સદનસીબે હજુ સુધી ભૂકંપના કારણે કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા. હવામાન વિભાગે ૨૦૨૨ ના પ્રથમ વાવાઝોડા અંગે પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી હતી. હવામાન વિભાગે કહ્યું હતું કે બંગાળની ખાડી અને તેની નજીકના દક્ષિણ અંદમાન સમુદ્રમાં બનેલા હળવા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે છે.આઈએમડીના ડિરેક્ટર મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે ૧૮૯૧-૨૦૨૨ વચ્ચે માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં માત્ર ૮ ચક્રવાત (બે અરબી સમુદ્રમાં અને ૬ બંગાળની ખાડીમાં) આવ્યા છે.

## દાહોદમાં બાઈક ચાલકે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સને ટક્કર મારતા નુકશાન

દાહોદ,

દાહોદ શહેરમાં એક મોટરસાઈકલના ચાલકે કરૂણા એનીમલ એમ્બ્યુલંશને ટક્કર મારતાં ગાડીને રૂા. ૧૫,૦૦૦નું નુકસાન એકને શરીરે ઈજાઓ પહોંચાડ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૨૦મી માર્ચના રોજ દાહોદ શહેરમાં એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ કરૂણા એનીમલ એમ્બ્યુલંશને મોટરસાઈકલના ચાલકે અડફેટમાં લેતાં ગાડીને રૂા. ૧૫,૦૦૦નું નુકસાન થવા પામ્યું હતું જ્યારે ગાડીમાં સવાર એક વ્યક્તિને શરીરે ઈજાઓ પહોંચાડી હતી.

આ સંબંધે કરૂણા એનીમલ એમ્બ્યુલંશના ચાલક સતીષભાઈ દીતાભાઈ અડ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.176

# મોરવા(હ)ના વંદેલી-નવા ગામ કબુતરી જમણા કાંઠા સિંચાઈ યોજના વહીવટી બેદરકારીનો ભોગ બની



મોરવા(હ), પંચમહાલના મોરવા(હ) તાલુકાના મોરવા(હ)થી વંદેલી- નવાગામ સુધીના ખેડુતોને સિંચાઈની સુવિધા મળી રહે તેવા હેતુ સાથે કબુતરી જમણા કાંઠા વિસ્તાર બનાવવામાં આવેલ હતું પરંતુ સિંચાઈ વિભાગની બેદરકારીના કારણે વર્ષો જુની સિંચાઈ યોજના બંધ હાલતમાં જોવા મળી રહી છે અને સિંચાઈ સુવિધા ઉભી કરવામાં આવી હોવા છતાં ખેડુતો સિંચાઈની સુવિધાથી વંચિત રહ્યા છે.

મોરવા(હ) તાલુકાના વંદેલી-નવાગામ કબુતરી જમણા કાંઠા સિંચાઈ યોજના બનાવવામાં આવી હતી. નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કબતુરી જમણા કાંઠા વિસ્તાર સ્થાનિક ખેડુતો માટે સિંચાઈની સુવિધા મળતા આર્શીવાદ સમાન બની હતી. પરંતુ સિંચાઈ વિભાગના વહીવટી બેદરકારીના કારણે વર્ષો જુની ચાલતી સિંચાઈની કેનાલ બંધ હાલતમાં જોવા મળી રહી છે. વંદેલી ગામની અંદર કેનાલ તેમજ પાણી છોડા બંધ કરવાના ગેટ તમામ સામગ્રી બંધ અને ખખડધજ હાલતમાં જોવા મળે છે. કબુતરી જમણા કાંઠા સિંચાઈ યોજના અંતર્ગત બનેલ મોરવા(હ)થી નવા ગામ સુધીની હાલ તમામ કેનાલ ખુલ્લી જોવા મળી રહી છે પરંતુ પાણી છોડવામાં નહી આવતાં તેમજ ખેડુતોની સુવિધા માટે યોજના ઉપર ધ્યાન નહી આપવાાના યોજના બંધ હાલતમાં જોવાઈ રહી છે અને મોરવા(હ) વંદેલી-નવાગામ વિસ્તારના ખેડુતોને સિંચાઈની સુવિધાનો અવકાશ હોવા છતાં વહીવટી બેદરકારીના ભોગ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. જો કબુતરી જમણા કાંઠા સિંચાઈ યોજના પૂર્વવર્ત કરવામાં આવે તો ખેડુતોને સિંચાઈની પાણીની સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવશે કેમ તે જોવાનું રહ્યું.



## ખેડુતો માટે ઉભી કરાયેલ સિંચાઈ સુવિધાને લાગુ કરવામાં લાલીયાવાડી

## વેજલપુર વિસ્તારમાંથી મળી આવેલ પર્સ અને રોકડ રકમ તથા અસલ ડોક્યુમેન્ટ મહીલાને પરત કરતી વેજલપુર પોલીસ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, વેજલપુર પોલીસ સ્ટેશનના નાઈટ રાઉન્ડમાં ટાઉન વિસ્તારમાં પોઈન્ટ ઉપર ફાળવેલ હોમગાર્ડ મહિપતસિંહ બળવંતસિંહ તથા હોમગાર્ડ માધવસિંહ જશવંતસિંહ નાઓ ફરજ ઉપર હાજર હતા. દરમ્યાન મેઈન બજાર દેરાસર ફળીયા બાજુ પેટ્રોલીંગમાં હતા. તે વખતે તેઓને એક મહિલા બેનનું પર્સ મળી આવતા તેઓએ તાત્કાલીક પોલીસ સબ ઈન્સ્પેકટર આર.ડી.ચૌધરી નાઓને જાણ કરી મળી આવેલ પર્સને સોપતા તેમના દ્વારા પર્સ ચેક કરતા તેમાં રોકડા રૂ.૨૫,૦૦૦/- તથા આધારકાર્ડ તથા અન્ય અસલ ડોક્યુમેન્ટ મળી આવતા આધારકાર્ડ જોતા પ્રિતીબેન સંજયકુમાર સોની રહે.વેજલપુર મેઈન બજાર તા.કાલોલ જી.પંચમહાલ નાઓના નામનું હોય જેથી મહિલા બેનનો સંપર્ક કરી તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી મળી આવેલ પર્સ બાબતે ખાતરી તપાસ કરાવતા તેઓ ગઈકાલ સાંજના બજારમાં સામાન ખરીદી કરવા માટે નિકળેલ હતા. તે વખતે ક્યાંક પડી ગયેલ હોવાની હકીકત જણાવતા મળી આવેલ પર્સ બતાવતા પોતાનુ હોવાનું જણાવેલ જે પર્સ માંથી મળી આવેલ રોકડ રૂ.૨૫,૦૦૦/- તથા આધારકાર્ડ તથા અન્ય અસલ ડોક્યુમેન્ટ મહીલાબેન પ્રિતીબેન સંજયકુમાર સોની નાઓને પો.સ.ઈ. આર.ડી.ચૌધરી નાઓએ પરત કરી વેજલપુર પોલીસ સ્ટેશન ટીમ દ્વારા માનવતા દાખવી પ્રશંસનીય કામગીરી કરવામા આવેલ છે.

## મોરાની શ્રી જે.આર. દેસાઈ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય વનદિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી



મોરા, ગુજરાત બાલ વિકાસ મંડળ સંચાલિત શ્રી જે.આર. દેસાઈ સ્કૂલ, સાંઈ આઈ.ટી.આઈ. તથા આર.એચ.પટેલ આઈ.ટી.આઈ, મોરા ખાતે તા.૨૧/૦૩/૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જે. આર. દેસાઈ સંકુલના કેમ્પસ ડાયરેકટર દિનેશ સુરેશ ભદાણે વનનું મહત્વ સમજાવી "વૃક્ષો વાવો વરસાદ લાવો"ની પહેલ કરવામાં આવી. આર.એચ. પટેલ આઈ.ટી.આઈના આચાર્ય સુનીલભાઈ આર. પટેલ દ્વારા વૃક્ષોની ઉપયોગિતા અને ગ્લોબલ વાર્મિંગ વિશે સમજ આપવામાં આવી. સંસ્થાના પ્રમુખ પૂરણકુમાર જે. દેસાઈ દ્વારા દરેકના જન્મદિને એક વૃક્ષ વાવો અને પર્યાવરણને બચાવો વાતને આહ્વાન આપવામાં આવ્યું. શ્રી જે.આર.દેસાઈ સ્કૂલના આચાર્ય પંકજભાઈ આર. પટેલ દ્વારા વૃક્ષો અને પ્રકૃતિનો સબંધ, વૃક્ષોનું પ્રમાણ ઘટવાથી થઈ રહેલી મુશ્કેલી વિશે બાળકો ને સરળ ભાષામાં સચોટ રજૂઆત કરી બાળકોમાં પ્રકૃતિનું મૂલ્ય વિકસાવ્યું.

## કાલોલ તાલુકાના સામુહિક આરોગ્ય વિભાગમાં પૂર્તિ સુવિધાની ઉણપ હોવાને કારણે દર્દીઓને રીફર કરવાનો વારો

કાલોલ, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં સમગ્ર તાલુકાનું સામુહિક આરોગ્ય કેન્દ્ર કાલોલ ખાતે આવેલું છે. આ સામુહિક આરોગ્ય કેન્દ્રની અંદર કાલોલ સહિતના તાલુકાના અનેક ગામડાઓ સારવાર માટે આરોગ્ય વિભાગની સુવિધા મેળવવા માટે પહોંચતા હોય છે. જોકે, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૪ કલાક પૂર્તિ સુવિધાઓ ઉપલબ્ધ રાખવા જેથી કરી દર્દીઓને તાત્કાલિક પ્રાથમિક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે. પરંતુ કાલોલ નગરમાં આવેલા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અનેક ઉણપોને કારણે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓને પુરતી પ્રાથમિક સુવિધાથી વંચિત રહેવું પડતું હોય છે. જોકે, કેટલાક દર્દીઓને અકસ્માત તેમજ ગંભીર ઈજાઓ સામે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સુવિધાની ઉણપના કારણે પ્રાઈવેટ કે અન્ય દવાખાનામાં રીફર કરવામાં આવતા હોય છે. તદુપરાંત રીફર કરતા સમયે પણ આરોગ્ય વિભાગ પાસે પૂરતી એમ્બ્યુલન્સની વ્યવસ્થા ના હોવાના કારણે દર્દીઓને પ્રાઈવેટ વાહનની રાહ જોવી પડતી હોય છે. આવા સંજોગોમાં કેટલાક દર્દીઓને સમયસર સારવાર ન મળતાં જીવ ગુમાવવો પડતો હોય છે. તાજેતરમાં કાલોલ નજીકના એક ગ્રામ્ય વિસ્તારના એક મહિલાને કારણોસર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. પરંતુ આરોગ્ય વિભાગની નબળાઈઓને કારણે લાંબા સમય સુધી તેમને સારવાર કરવા માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓને હાથ જોડવા પડતા હોય છે. તદુપરાંત કર્મચારીઓના દબાણને કારણે ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓ અવાજ પણ ઉઠાવી શકતા નથી. જોકે, સમયસર અને યોગ્ય સુવિધાઓ કાલોલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચોક્કસ પણે કરવામાં આવે તો કેટલાક દર્દીઓને નવજીવન મળી શકે છે.

## ગોધરા સિમલા કબાડી માર્કેટના વેપારીઓ દ્વારા પાલિકા પ્રમુખ-સભ્યો સાથે રાખી પ્રાંત અધિકારીને ૧૫ મીટર સુધીના દબાણો દુર કરવાની ખાતરી આપી



ગોધરા, ગોધરા સિમલા કબાડી માર્કેટના વેપારીઓ પાલિકા પ્રમુખ અને પાલિકા સભ્યો ગોધરા પ્રાંત અધિકારી કચેરી ખાતે રજુઆત કરવામાં આવી કે, અમદાવાદ હાઈવે રોડ થી ૧૫ મીટર સુધીનો રોડ સ્વૈચ્છાએ ખુલ્લા કરવામાં આવશે અને કોઈ દબાણ કરવામાં આવશે નહી તેવી ખાતરી સાથે ૬ મીટર છોડવાના નિર્ણયનો ફેર વિચારણા કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

ગોધરા-અમદાવાદ હાઈવે રોડ સિમલા કબાડી માર્કેટના વેપારીઓ, નગર પાલિકા પ્રમુખ, પાલિકા સભ્યો સાથે પ્રાંત અધિકારીની કચેરી ખાતે પ્રાંત અધિકારી મળીને મૌખિક રજુઆત કરવામાં આવી હતી કે, કબાડી માર્કેટ વિસ્તારમાં ૧૫ મીટર સુધીના દબાણો સ્વૈચ્છાએ દુર કરવામાં આવશે અને કોઈ પણ જાતનું દબાણ કરવામાં આવશે નહીં. ગોધરા પાલિકા દ્વારા ૬ મીટર છોડવાની વાત કરવામાં આવી રહી છે. તેના ઉપર ફેર વિચારણા કરવામાં આવે. હાલ બનાવવામાં આવેલ દુકાનો રોડની મધ્ય થી ૨૧ મીટર ઉપર તોડવામાં આવેલ દુકાનો રોડની મધ્ય થી ૨૧ મીટર ઉપર તોડવામાં આવે તો ૨૦૦ ઉપરાંત દુકાનોના પરિવારો રોડ ઉપર આવી જાય તેમ છે અને ધંધા રોજગારથી હાથ ધોઈ બેસે તેવી પરીસ્થિતી ઉભી થઈ શકે તેમ છે. કોરોના મહામારી માંથી માંડ બહાર આવ્યા છે. ત્યારે ફરીથી ધંધાદારીઓ ઉપર ધંધાની રોજગાર ખાઈ બેસવાનો વારો આવે તેમ છે. આવા ધંધા ઉપર નભતા પરિવારોને ભુખમરાનો સામનો કરવો ન પડે તેમ છે. માટે ૧૫ મીટર ઉપર કરાયેલા દબાણો દુર કરવાની ખાતરી આપવામાં આવી સાથે દબાણો દુર કરવાની ખાતરી આપવામાં આવી સાથે ટ્રાફિક પોઈન્ટ મુકવા તેમજ ટ્રાફિકને અડચણરૂપ થતાં વાહનો ઉપર કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી.

## ગોધરા ખાડી ફળીયામાં વરલી મટકાનો જુગાર રમતા ૧૧ જુગારીયાઓને ૮૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા



ગોધરા, ગોધરા શહેર ખાડી ફળીયામાં વરલી મટકાના ફરક આંકડાના જુગાર રમાડતા હોય તે સ્થળે એલ.સી.બી.પોલીસ રેઈડ કરી ૧૧ જુગારીયાઓને ૮૯,૯૫૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા ખાડી ફળીયામાં કુવાની સામે મહંમદખાન શેરઅલીખાન પઠાણ ઉર્ફે મહમંદ બીડી નોકરો રાખીને જાહેરમાં વરલી મટકાના જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જીતેન રતિલાલ પ્રજાપતિ, રામુ ભીખાભાઈ પરમાર, દિલીપ જેંતીભાઈ ઢોલી, દિલીપ ફુલાજી મારવાડી, કેતન હર્ષવર્ધનભાઈ રાણા, ભરત રણછોડભાઈ સોલંકી, સુનીલ મંગુભાઈ મકવાણા, રાજેશ હર્ષદભાઈ મિસ્ત્રી, સુરેશ રૂપાભાઈ ભરવાડ, સાહિલ સલીમ મિસ્ત્રી, કાસીમ ઈસ્હાક આલમને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે પકડાયેલા ઈસમોની અંગઝડતીમાં રૂપીયા ૧૫,૪૫૦/, મોબાઈલ ફોન નંગ-૯, મોટર સાયકલ નંગ-૩ મળી ૮૯,૯૫૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## એમ.જી.શાહ હાઈસ્કૂલ કાંકણપુરમા કાર્યરત અટલ ટીકરીંગ લેબ દ્વારા અટલ ઈનોવેશન મિશન હેઠળ રાષ્ટ્રીય લેવલે નામના મેળવી



ગોધરા, ગોધરા તાલુકાની કાંકણપુર એમ.જી. શાહ હાઈસ્કૂલમાં રોબોટિક સેન્સર કાર બનાવવામાં આવી. જેમાં જે માનવ કે પશુ-પક્ષી આડે આવતાજ ઓટોમેટીક થોભી જાય છે. સર્વ સજીવ સૃષ્ટિને અકસ્માતથી બચાવવા માટે આ અમૂલ્ય પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે. આજના અતિ આધુનિક યુગમાં દરરોજ એક નવી કાર માર્કેટમાં આવી રહી છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ અતિ વિકટ છે. ઉપરાંત બેફામ ડ્રાઈવિંગ તેમજ ચાલુ મોબાઈલ ફોન સાથે ડ્રાઈવિંગના કારણે સર્વ સજીવોનું અમૂલ્ય જીવન મૂલ્યહીન બની ગયું છે. રોજ-બરોજના નિષ્કાળજી ના લીધે બનતા અકસ્માતોના દ્રશ્યો જેવા કે કોઈ જાન ગુમાવી રહ્યું છે કોઈ હાથ-પગ ગુમાવી રહ્યું છે. તો પછી કોઈ લોહી લેવા માટે દોડી રહ્યું છે. આવા દ્રશ્યોને જોઈને હૃદય દ્રવી ઉઠ્યું અને આ પ્રોજેક્ટ બનાવવા માટે બાળકોને સાથે લઈને દિવસ રાત એક કરી નાખ્યાં. આ એક એવી રોબોટિક સેન્સર કાર છે કે, જે સજીવ તેની આગળ આવતા જ ઓટોમેટીક થોભી જશે જેથી સજીવને પોતાનો જાન ગુમાવવો નહી પડે કે પછી કોઈપણ પ્રકારનું નુકશાન નહીં થાય. એમ.જી.શાહ હાઈસ્કૂલ કાંકણપુરમા કાર્યરત અટલ ટીકરીંગ લેબ દ્વારા અટલ ઈનોવેશન મિશન હેઠળ ઈન્ચાર્જ મોહમ્મદ અલી હાથીભાઈ એ શાળાના ત્રણ વિદ્યાર્થીઓ ૧. રબારી પ્રતીક ૨. સોલંકી મનીષ ૩. પરમાર વિવેક સાથે રાખીને આ પ્રોજેક્ટ તૈયાર કર્યો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ સજીવોનું અકસ્માતથી રક્ષણ છે.

આ પ્રોજેક્ટને ગુજરાત રાજ્ય લેવલે પ્રથમ ક્રમાંક મળેલ છે અને રાષ્ટ્રીય લેવલે અમે ભાગ લીધો અમારા આ અમૂલ્ય ઉદ્દેશને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય લેવલે પણ નામના મેળવી. માર્ગદર્શક તરીકે કુલદીપભાઈ પંડિત તેમજ હાથીભાઈ મોહમ્મદ અલીભાઈએ ભૂમિકા ભજવી હતી.



ગોધરા તાલુકાની કાંકણપુર ખાતે આવેલ ધી એમ.જી. શાહ હાઈસ્કૂલમાં ૨૧ માર્ચ ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આઝાદીના અમૂર્ત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં ૭૫ "નમો વડ વન" ની સ્થાપનાનો શુભારંભ કરવામાં આવ્યો. આ સાથે ફોરેસ્ટ હેલ્પલાઈન "૧૯૩૬" ની શરૂઆત કરવામાં આવી. અને તે વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારી અને તેમની સમગ્ર ટીમ તેમજ શાળાના આચાર્ય વિપુલ શાહ, તેમજ શિક્ષક સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ટી.વી. ના માધ્યમ થી પર્યાવરણની જાળવણી અને વન સંરક્ષણ વિશે વિસ્તુત માહિતી આપી હતી. સમજમાં પર્યાવરણ બાબતે જાગૃતિ કેળવાય તેમજ વન જંગલ અને તેની પેદાશો બાબતે લોકોમાં જાગૃતિ આવે તે માટે આ કાર્યક્રમમાં ખાસ ભાર મૂકવામાં વ્યો હતો.

## કાલોલ તાલુકાના સણોલી ગામે જૂની અદાવતે રસ્તો બંધ કરી અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ સાથે બિભત્સ વર્તન કરતા વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર આપ્યું



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના સરસવણી ગામના લાખા પડ્યાના તમામ રહીશોના બાળકો ગામમાં આવેલી સ્કૂલે અભ્યાસ કરવા માટે જતા હોય છે. જોકે બાળકોના ઘરેથી શાળા સુધી જવા માટે નાળીયા વિસ્તાર માંથી જવું પડતું હોય છે. જે નાળીયામાં એક ઈસમે અગાઉની અદાવતને લઈને કાંટાવાળા ઝાડી-ઝાંખરા મૂકી આડ ઊભી કરી હતી. જેના કારણે નિશાળ જતા બાળકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. રસ્તા પર આડ ઊભી કરનાર ઈસમ સ્કુલે જતાં બાળકોને બિભત્સ ગાળો બોલી રસ્તા ઉપર થી નીકળવું નહીં તેમ કહી બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપે છે. જોકે વિદ્યાર્થીઓનું પણ કહેવું છે કે, જે તે રસ્તો વર્ષોથી તેમના બાપદાદા વખત થી તેજ રસ્તાનો ઉપયોગ કરતા હોય છે. વિદ્યાર્થીઓ સાથે ધમકીઓ તેમજ બિભત્સ વર્તન કરતા વિદ્યાર્થીઓ સ્કૂલે જવાનું પણ ટાળી દીધું છે. જેની વિદ્યાર્થીઓએ કાલોલ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.